📜 શુભેચ્છાપત્ર

પ્રતિ,
પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, નવી દિલ્હી.

વિષય: 'નારી શક્તિ વંદન અધિનિયમ' અંગે દેશની કરોડો બહેનો વતી સમર્થન પાઠવવા બાબત.

પરમ આદરણીય મોટાભાઈ નરેન્દ્રભાઈ,
સાદર પ્રણામ.
ગઈકાલે રાત્રે 8:30 કલાકે આપે દેશના નામે જે સંબોધન કર્યું તે અમે કચ્છ જિલ્લાના મુંદરા તાલુકાના રતાડિયા ગામની 'જલારામ સખી મંડળ'ની બહેનોએ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળ્યું. આપના શબ્દોમાં જે વેદના અને દેશની નારી શક્તિ પ્રત્યેની જે નિષ્ઠા દેખાઈ તેણે અમારા હૃદયને સ્પર્શી લીધું છે.
એક મોટા ભાઈ તરીકે આપે જે રીતે મહિલા અનામત બિલ પસાર ન થઈ શકવા બદલદુઃખ વ્યક્ત કરતા માફી માંગી તે આપની મહાનતા દર્શાવે છે. પરંતુ નરેન્દ્રભાઈ, અમારે આપને કહેવું છે કે આપે માફી માંગવાની કોઈ જરૂર નથી. આપે તો દાયકાઓથી લટકતા આ પ્રશ્નને વાચા આપીને અમને સન્માન આપવાનો પવિત્ર પ્રયાસ કર્યો છે. રાજનીતિના કારણે ભલે આજે બે તૃતીયાંશ બહુમતી ન મળી હોય પણ દેશની કરોડો માતાઓ-બહેનોનું સમર્થન અને આશીર્વાદ આપની સાથે જ છે.
અમે ગામડાની બહેનો જે આપની પ્રેરણાથી જ આજે 'આત્મનિર્ભર' બની સખી મંડળો ચલાવી રહી છીએ, અમને પૂરો વિશ્વાસ છે કે:
* આજે ભલે સંખ્યાબળ ઓછું પડ્યું હોય પણ આપનું આત્મબળ અજેય છે. અમને ખાતરી છે કે નજીકના ભવિષ્યમાં આપનું આ મિશન ચોક્કસ સફળ થશે.
* મુશ્કેલ ઘડીમાં ભલે અમે 10 બહેનો હોઈએ પણ અમારી દુઆઓ 10 કરોડ બહેનો જેટલી શક્તિશાળી છે.
* છેવાડાના કચ્છ જિલ્લા અને મુંદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની સમસ્યાઓનો આપ જે રીતે કુનેહપૂર્વક ઉકેલ લાવો છો તે બદલ અમારું જલારામ સખી મંડળ હંમેશા આપનું ઋણી રહેશે.
આપ જે રીતે નારી શક્તિને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદાર બનાવવા મથી રહ્યા છો તેમાં પ્રભુ પરમાત્મા આપને વિજય અપાવે અને આપનું સ્વાસ્થ્ય ઉત્તમ જાળવી રાખે તેવી જલારામ બાપાના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.
ભલે થોડી વાર લાગે પણ 'નારી શક્તિ'ના અધિકારની આ લડાઈમાં વિજય આપનો અને દેશની બહેનોનો જ થશે. અમે સૌ બહેનો ખભેખભા મિલાવીને આપના આ અભિયાનમાં સાથે છીએ.

લિ.,
આપની વિશ્વાસુ ,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ, રતાડીયા જલારામ સખી મંડળની બહેનો વતી,
સ્થળ: રતાડીયા, મુંદરા-કચ્છ. (ગુજરાત)
તારીખ: 19/04/2026